# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 15-02-2025 DAY: SATURDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## ચુંટણી

જૂનાગઢ મહાનગરપાલિકા, 66 નગરપાલિકાઓ,તેમજ ગાંધીનગર, કઠલાલ અને કપડવંજ તાલુકાના પંચાયતની સામાન્ય ચૂંટણીઅને પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે.

કચ્છમાં રાપર અને ભચાઉ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ દશરડી,મોટી ભૂજપુર,લાકડીયા તાલુકા પંચાયત પેટા ચૂંટણી માટે પણ આવતીકાલે મતદાન યોજશે. જિલ્લા ચૂંટણી તંત્ર પારદર્શક અને શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે સજ્જ થયું છે.

આજે સાંજે સ્ટ્રોંગરૂમમાંથી મતદાન માટેના ઉપકરણો અને અન્ય સામગ્રીઓની ચકાસણી બાદ મતદાન કેન્દ્રો પર રવાના કરવામાં આવી રહ્યા છે તેમજ આજથી તમામ મતદાન મથકો પર મતદાન માટે ફરજ પર મૂકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ હાજર થયા છે. રાપરના ૧૭ જેટલા અતિ સંદેદનશીલ મતદાન કેન્દ્રો પર ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

આવતીકાલે મતદાન પૂર્ણ થયા બાદ ૧૮મીએ મત ગણતરી હાથ ધરાશે. ભચાઉ નગરપાલિકાની મત ગણતરી વોંધ આઈટીઆઈ ખાતે જ્યારે રાંપર નગરપાલિકા મત ગણતરી નગરપાલિકા કચેરી ખાતે હાથ ધરવામાં આવશે.

રાપર નગરપાલિકાની આવતીકાલે ચૂંટણીને અનુલક્ષીને રાપરમાં પૂર્વે કચ્છ પોલીસવડા સાગર બાગમારના વડપણ હેઠળ મુખ્ય બજાર, આથમણા નાકા, એસટી બસ સ્ટેશન રોડ, સલારીનાકા, માલી ચોક, માંડવી ચોક, દેના બેંક ચોક સહિતના વિસ્તારોમાં પોલીસ એસઆરપી જવાનો સાથે ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું

---

## CM: ગાંધીનગરમાં વૈશ્વિક પરિષદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં એરંડાના પાક અને ઉદ્યોગ અંગેની વૈશ્વિક પરિષદનું ઉદ્ઘાટન કર્યું. શ્રી પટેલે જણાવ્યું કે ગુજરાતે હંમેશા ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રે નવીનતા અપનાવી છે. ગુજરાત માત્ર આર્થિક ગ્રોથ એન્જિન જ નહીં પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતિક બન્યું છે. ગુજરાત દેશમાં એરંડાનું અગ્રીમ ઉત્પાદક રાજ્ય છે, તેમ પણ તેમણે કહ્યું હતું.

---

## કુંવરબાઇનું મામેરું યોજના

રાજ્ય સરકારના અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ દ્વારા કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ કચ્છમાં અત્યાર સુધી ૬૯૨ કન્યાઓને ૮૩.૦૪ લાખ રૂ. ની સહાય આપવામાં આવી છે.

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કુટુંબદીઠ બે કન્યાઓને લગ્ન પ્રસંગે રૂા. ૧૨૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવે છે.

આ યોજના માટે અરજી કરવા માટે લાભાર્થી esamajkalyan.gujarat.gov.in એટલે કે ઇ-સમાજ કલ્યાણ વેબસાઇટ મારફતે ઓનલાઈન અરજી કરી શકે છે.

તેમજ વધુ જાણકારી માટે જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બહુમાળી ભવન તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયતનો સંપર્ક કરવા જણાવાયું છે.

---

## રણોત્સવ ; ખાનગી વાહન પ્રતિબંધ

સફેદ રણની સુંદરતા, સ્વચ્છતા, પર્યાવરણીય પરિસ્થિતિ જાળવી રાખવા માટે સફેદ રણ અને તેનો સંલગ્ન વિસ્તાર ખાનગી વાહનો માટે પ્રતિબંધિત ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

રણ ઉત્સવ વિસ્તારમાં આવતા પ્રવાસીઓ જાણતા-અજાણતા રણ વિસ્તારની અંદર પોતાના વાહનો લઈ જતા હોય છે જેના કારણે ઘણીવાર વાહનો ફસાઈ જતા તેમને રેસ્કયુ કરવાની ફરજ પડે છે અને તેના લીધે સફેદ રણની સુંદરતાને નુકશાન થાય છે.

આ પરિસ્થિતિના નિવારણ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ એ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે સબરસ બસ સ્ટેશનથી વોચ ટાવર સુધીના વિસ્તારમાં તથા વોચ ટાવરની આસપાસના સફેદ રણ વિસ્તારમાં ખાનગી વાહનોના પ્રવેશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુક્યો છે.

---

## રણોત્સવ ; ઉંટ / ઘોડે સવારી નોંધણી

રણ ઉત્સવમાં સહેલાણીઓના અનુભવને વધુ સુખદ બનાવવા, સલામત પ્રવાસનને વેગ આપવા તથા ઘોડે સવારી/ઊંટ સવારી ફેરી સર્વિસની અમલવારી સારી રીતે થઈ શકે તે માટે ઘોડે સવારી/ઊંટ સવારીનું નોંધણી ફરજીયાત કરવામાં આવી છે. કરાવી તેનું નિયમન કરવું જરૂરી જણાય છે.

નિયત સમિતિ પાસે નોંધણી કરાવ્યા સિવાય અનઅધિકૃત રીતે ચાલતી ઘોડે સવારી/ઊંટ સવારી ઉપર પ્રતિબંધ મુક્યો છે.આ જાહેરનામું આગામી તા.૦૮/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

---

## માતૃભાષા દિવસ ઉજવણી :

આગામી ૨૧મી ફેબ્રુઆરીએ રોજ વિશ્વ માતૃભાષા દિવસ ઉજવાશે. આ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ ભુજના સંયુક્ત ઉપક્રમે ,માતૃભાષા મહોત્સવ-૨૦૨૫' અંતર્ગત આગામી ૧૮ મી એ કચ્છી ભાષાના સંવર્ધન હેતુ કચ્છી વક્તાઓનું વ્યાખ્યાન યોજાશે.

આ કાર્યક્રમમાં કચ્છ યુનિવર્સીટીના અંગ્રેજી વિભાગના પ્રો. ડૉ. કાશ્મીરા મહેતા તેમજ જયંતી જોષી 'શબાબ' વક્તવ્ય આપશે.

---

## વિશ્વ ફાયરીંગ પ્રેક્ટીસ :

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૦૧ ઉપર આગામી ૧૮ ફેબ્રુઆરીએ આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે.

જેથી ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઇપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------------

## બેટી બચાવો યોજના

જિલ્લા મહિલા અને બાળ અધિકારીના નેજા હેઠળ "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી અંતર્ગત ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન-DHEW ની ટીમ દ્વારા ભુજ તાલુકાના નાગોરની પ્રાથમિક શાળામાં માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને માનસિક સ્વાસ્થ્ય વિષે તથા સખી વન સ્ટોપ સેન્ટર અંગેની માહિતી આપવામાં આવી હતી. નાગોર ગામના પાલક માતા પિતા યોજનાના લાભાર્થી દીકરીઓને એજયુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------